# હેરોઇન

## વિશેની હકીકતો

## The facts about Heroin

FRANK
0800 77 66 00
આ નંબર ઉપર તમારી ભાષામાં
વાત કરી શકતાં લોકો મળી શકશે.
www.talktofrank.com

DrugScope
020 7928 1211
www.drugscope.org.uk

For additional copies, please
contact Prolog on 0870 2414680

Produced by the FRANK campaign in association
with DrugScope and funded by the Home Office.

BMECOMSG1

Gujarati

## હેરોઈનથી લોકોને શું થાય છે?

લોકો પોતાની સમસ્યાઓથી દૂર ભાગવા માટે હેરોઈન લે છે. તેઓ કહે છે કે તે લેવાથી તેમને હૂંફાળા ધાબળામાં વીંટળાઈ ગયા હોવાની લાગણી થાય છે.

હેરોઈનનો બહુ વધારે પડતો ઉપયોગ કરનારાં લોકોને તે લીધા વગર દિવસ પસાર કરવાનો મુશ્કેલ લાગે છે. તેઓ હેરોઈન ન લે તો ખૂબ જ બીમાર પડી જાય છે. આના કારણે કેટલાંક લોકો હેરોઈન ઉપર અઠવાડિયે £300 જેટલા ખર્ચે છે.

આ ડ્રગ બહુ વધારે પડતી લેતાં લોકો એકદમ પાતળાં અને બીમાર જેવાં દેખાય છે.

આ ડ્રગ ઈન્જેક્શનથી લેવાથી લોહીમાં ઝેર ફેલાવું, એચઆઈવી/એઈડ્સ અને હેપેટાઈટીસ થઈ શકે છે.

**હેરોઈન કેવું દેખાય છે?**
તે બ્રાઉન, સફેદ કે ભૂખરો પાવડર હોય છે.

**લોકો હેરોઈન કેવી રીતે લે છે?**
તેને ટિનની ફોઈલમાં વીંટાળીને ધૂમ્રપાન કરી શકાય છે અથવા સોય અને સીરિંજ વડે ઈન્જેક્ટ કરી શકાય છે. જો કોઈ વ્યક્તિ હેરોઈન ઈન્જેક્શન વાટે લેતી હોય, તો તેનો 'ઓવરડોઝ' થવાની (તે બહુ વધારે પડતું લઈ લેવાની) શક્યતા વધે છે.

**હેરોઈનનાં બીજાં નામો**
આ ડ્રગને 'એચ', 'સ્કેગ' અને 'સ્મૅક' પણ કહેવાય છે.

**હેરોઈનની કિંમત કેટલી હોય છે?**
એક ગ્રામની કિંમત £40–£80 જેટલી હોય છે.

**તે કાનૂની છે?**
ના. તમારી પાસે (દાખલા તરીકે તમારા ખિસ્સામાં) કે તમારા ઘરમાં હેરોઈન હોવાનું કાયદા વિરુદ્ધ છે. હેરોઈન કોઈને વેચવાનું કે કોઈને એટલે કે મિત્રોને પણ આપવાનું ગેરકાનૂની છે.

What does heroin do to people?
People take heroin to escape from their problems. They say that it feels like being wrapped in a warm blanket.

People who use heroin a lot feel that they cannot get through the day without taking it. They become very ill if they do not take heroin. Because of this, some people spend £300 a week on heroin.

People who take this drug a lot will look very thin and ill.

Injecting this drug can cause blood poisoning, HIV/AIDS and hepatitis.

What does heroin look like?
It is a brown, white or grey powder.

How do people take heroin?
It can be smoked on tin foil or injected with a needle and syringe. If a person injects heroin they are more likely to 'overdose' (take too much).

Other names for heroin
This drug is also called H, skag and smack.

How much does heroin cost?
It costs £40–£80 for a gram.

Is it legal?
No. It is against the law to have heroin on you (for example, in your pockets) or in your house. It is also illegal to sell or give heroin to anyone, even friends.